# 2

**રબારી, ભરવાડ અને ચારણ જાતિના લોકોને પ્રમાણપત્રો આપવા બાબત**

***15/4/2343: શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ જાતિના પરીવારોને તા.૨૬-૧૦-૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા તા.૪/૮/૨૦૨૦ ના રોજ કમિટીની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) | હા જી, |
| (૨) | જો હા, તો ઉક્ત કમિટીની મુદત કેટલા સમયની છે, | (૨) | તા.૦૪/૦૮/૨૦૨૦ ના ઠરાવથી કમિટીની મુદત ત્રણ માસ સુધીની હતી. ત્યારબાદ તા.૧૮/૧૧/૨૦૨૦, તા.૦૪/૦૫/૨૦૨૧, તા.૨૫/૧૧/૨૦૨૧, તા.૨૮/૦૪/૨૦૨૨, તા.૨૭/૦૯/૨૦૨૨, તા.૦૩/૦૨/૨૦૨૩, તા.૨૭/૦૬/૨૦૨૩ ના ઠરાવોથી અનુક્રમે કમિટીની મુદ્દત સમયાંતરે લંબાવવામાં આવેલ હતી. અંતે, તા.૦૧/૦૧/૨૦૨૪ ના ઠરાવથી કમિટીની મુદ્દત તા.૩૧/૦૩/૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કમિટીમાં સભ્યો કોણ છે, અને | (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કમિટીમાં નીચેના ૦૨ સભ્યો છે. જે હાલ કાર્યરત છે.<br>૧.શ્રી ડી.જી.કારીયા, નિવૃત હાઇકોર્ટ જજ, અધ્યક્ષશ્રી<br>૨.શ્રી સી.આર.સંગાડા, નિવૃત અધિક કલેક્ટરશ્રી, સભ્ય સચિવશ્રી, |
| (૪) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કમિટીએ કેટલા કુટુંબો અને વારસદારો નક્કી કર્યા? | (૪) | ઉક્ત કમિટીના અંતરિમ અહેવાલ મુજબ કુલ ૧૧૨૯ કુટુંબો અને તેના કુલ ૨૧૫૧૮ વારસદારો નક્કી કર્યા છે. |

---